<u>રે. દિ. મુ. નં. ૨૮/૨૦૨૧</u>

<u>પ્રતીવાદીની આંક – ૨૧ ની ઓર્ડર – ૭, રુલ – ૧૧ ની અરજી તળે હુકમ</u>

<u>વાદીનાં વિ. વ. શ્રી એચ. જે. વાજા</u>

<u>પ્રતીવાદીનાં વિ. વ. શ્રી ડી. પી. સોલંકી</u>

હાલની પ્રતીવાદીની આંક–૨૧ ની અરજી તથા પ્રતિવાદી તરફે રજુ આંક – ૩૧ વાળી લ ેખીત દલીલ વંચાણે લીધી. તેમજ વાદી તરફે આંક – ૨૭ થી રજુ વાંધા જવાબ તથા વાદી તરફે રજુ આંક – ૩૨ વાળી લેખીત દલીલ વંચાણે લીધી. તથા પ્રતિવાદી તરફે વિ. વ. શ્રી ડી. પી. સોલંકી તથા વાદી તરફે વિ. વ. શ્રી એચ. જે. વાજા ને સાંભળ્યા.

૧. સદર અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી રે. દિ. મુ. નં. ૨૮/૨૧ થી દાદ માંગતો દાવો લાવેલ છે જે પ્રતિવાદી સામે કાયદેસર ટકી શકતો ન હોય નામંજુર કરવો જોઈએ. વધુમાં તેઓ જણાવે છે કે, વાદીને દાવો લાવવાનું કોઈ વ્યાજબી કારણ નથી કે તે જણાવેલ પણ નથી. દાવાના કારણનો અભાવ છે, દાવા અરજી અર્થહીન નિરર્થક છે, દાવો ટકી શકે તેવું કારણ જણાવેલ નથી, વાદીને દાવો ચલાવવા માટે અન્ય કાયદા હેઠળનો બાધ નડે છે, વાદીના દાવાને સમય મર્યાદાના આર્ટીકલોની જોગવાઈઓ તથા નોન જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ નડે છે. વધુમાં તેઓ તરફે રજુઆત છે કે, લીગલ નોટીસ આપવામાં આવેલ નથી તેમજ રેવન્યુ કાયદા મુજબ પણ વાદીના દાવાને બાધ નડે છે.

૨. વાદી તરફે આંક–૨૭ થી પોતાના વાંધા જવાબ રજુ રાખી જણાવેલ છે કે પ્રતિવાદી નં.–૧ ની સદર અરજીના પેજ નં.–૩ ના પારા – ૧ થી ૬ માં જણાવેલ લીમીટેશનના કાયદાની આર્ટીકલ અત્રે લાગુ નથી કારણકે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષનું બાબુભાઈ જી. મહેતા વિ. સરકારનુ જજમેન્ટ ધ્યાને લેતા અરજદારને જયારથી નોલેજ થાય ત્યારથી સમયમર્યાદા શરૂ થઈ ગણાય તેમજ વાદીઓના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો નથી કે લીગલ નોટીસ આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે રેવન્યુ કાયદાનો કોઈ બાધ નડતો નથી. વાદીઓએ ધોરણસર કોર્ટ ફી ચોડેલ છે તેમજ વાદીઓએ પ્રોપર ફોર્મમાં દાવો લાવેલ છે તેમજ વાદીઓના દાવાનું કારણ વ્યાજબી રીતે ઉત્પન્ન થયેલ છે તેમજ ઉપર જણાવેલ જજમેન્ટ મુજબ વાદીઓને જયારથી વેચાણ દસ્તાવેજની જાણ થયેલ અને વેચાણ દસ્તાવેજની સબ રજી. કચેરીમાંથી

નકલ કઢાવ્યા બાદ ત્યારથી વાદીઓના નોલેજમાં આવેલ કે પ્રતિવાદી નં.–૧ નાએ વાદગ્રસ્ત જમીન પડાવી લીધેલ છે જેથી ત્યારથી દાવાનું કારણ ઉપસ્થિત થયું ગણાય. જેથી હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

૩. પ્રતિવાદી નં.–૧ નાઓએ આંક–૩૧ થી લેખીત દલીલ રજુ રાખી જણાવેલ છે કે, વાદીએ રજુ કરેલ વાંધા જવાબમાં જણાવેલ વિગત ખરી કે કાયદેસરની નથી. વાદીએ કાયદા વિરૂધ્ધની ખોટી રજુઆત અને ખોટા જવાબ રજુ કરેલ છે. ખરી હકીકતે આ દાવા અરજીને સમય મર્યાદાનો બાધ નડે છે તેમજ નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે.

પ્રતીવાદી તરફે વિ. વ. શ્રી ડી. પી. સોલંકીએ વધુમાં મૌખીક રજુઆત કરી જણાવેલ છે કે, હાલનો દાવો ૧૨ વર્ષ બાદ દાખલ કરેલ છે. તેથી સમયમર્યાદાની બહાર છે. નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. હાલનાં કામે માર્ક – ૧૮/૨ થી રજુ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતા રજી. ઓફીસમાં નોંધણી કરાવી જમીન ખરીદેલ છે. માર્ક – ૧૮/૯ થી વેરા પહોંચ રજુ છે. હાલનાં કામે પ્ર તીવાદીને ૧૩૫/ ડી ની નોટીસ આપેલ નથી. અને વાદીનું નામ બારોબાર ચઢાવી દીધેલ છે. હાલની દાવાવાળી મિલ્કતનો કબ્જો પ્રતીવાદી પાસે છે. વાદીએ પોતાની દાવાઅરજીમાં જે દાદ માંગેલ છે તે વિરોધાભાષી છે. તેમજ માર્ક – ૧૮/૧૭ થી રજુ નોંધ નં. – ૪૪૮૨ મુજબ જે ખાતેદાર હતા તેમની પાસેથી પ્રતીવાદીએ ખરીદ કરેલ છે. બીજા નામ પાછળથી ચઢાવ્યા બાદ દાવો કરેલ છે જે સમયમર્યાદા બહારનો હોઈ વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

તેમજ પ્રતિવાદી નં. – ૧ ના એ પોતાની આંક – ૩૧ ની દલિલમાં નીચે દર્શાવેલ સાઈટેશન ટાંકેલ છે.

(૧) ૨૦૦૬(૨) એસ. બી. આર. ૩૫૪

(૨) ૨૦૦૫(૧) જી. સી. ડી. ૫૭

(૩) એન.હવી. શ્રીનિવાસ મુર્થી વિ. મરીપમ્પા એ. આઈ. આર. ૨૦૦૫ એસ. સી. ૨૮૭૯

(૪) આશુતોષ ચર્તુવેદી વિ. પ્રેમદેવી એ. આઈ. આર. ૨૦૦૮ સુ. કો. ૨૧૭૧

(૫) એ. આઈ. આર. ૨૦૧૫ બોમ્બે–૨૪

(૬) એમ. ૧૯૮૪ (૧) જી. એલ. આર. ૨૫(૧) ૧૩૫ જે લેડીઝ બ્યુટી વિ. એસ. બી. આઈ. અમદાવાદ અને બીજાઓ

(૭) ૧૯૯૨(૧) જી. એલ. આર. ૩૩(૧) ૩૯૯ અમ્બા ગોકળ વિ. પરબત ભુટા અને બીજાઓ

(૮) કુરીયન ઈ કાલાથીલ વિ. કેરાલા સ્ટેટ ઈલેકટ્રીસીટી બોર્ડ એ. આઈ. આર. ૨૦૧૪ કેરાળા ૩૫

(૯) અજય ગુપ્તા વિ. રાજુ ઉર્ફે રાજેન્દ્ સિંઘ યાદવ ૨૦૧૬ એ. આઈ. આર.(એસ. સી.) ૩૨૮૪

(૧૦) એ. આઈ. આર. ૧૯૭૩ ઓરીસ્સા ૧૮૦

– ૧૯૮૫ (૦) જી. એલ. એસ. ઈ. એલ. ૨૧૨૬ ૯ ૯ બોમ્બે (મુંબઈ) ૧૯૮ (એફ બી)

(૧૧) એ. આઈ. આર.(એસ. સી.) ૩૬૩–૨૦૦૭ (૭) એસ. સી. ૫૩૨ (એસ. સી.)

(૧૨) એ. આઈ. આર. – ૨૦૧૪ દિલ્હી –૧

(૧૩) ૨૦૧૨ ગુજરાત – ૭૧

(૧૪) સી. નટરાજન વિ. અશીમબાઈ અને અન્ય એ. આઈ. આર. ૨૦૦૮ એસ. સી. ૩૬૩

(૧૫) અમીરૂદીન વિ. હુશેન સાહેબ ઈમામસાહેબ હકકી એ. આઈ. આર. ૨૦૧૨ કર્ણાટક–૧૫૩

(૧૬) એ. આઈ. આર. ૨૦૧૧ ગૌહાટી – ૫૬ મુજબનાં જજમેન્ટ ટાંકેલ છે.

૪. તેમજ વાદીનાં વિ. વ. શ્રી એચ. જે. વાજાની લેખીત તથા મૌખીક રજુઆત છે કે, પ્ર તીવાદીની હાલની દલીલ હુકમ – ૭ નીયમ – ૧૧ માં પડતી નથી. હાલનો દાવો પાર્ટીશનનો દાવો છે. જયારે નાણાકીય હકુમત હોય અથવા દાવો કરવાનુ કારણ ન હોય અથવા અપુરતી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ રાખેલ હોય અથવા સમયમર્યાદાનો બાધ નડતો હોય ત્યારે હુકમ – ૭ નીયમ – ૧૧ નો બાધ નડે. માર્ક – ૧૮/૨ વાળો દસ્તાવેજ પ્રતીવાદી નં. – ૨ ના નામે ચાલે છે. તે દસ્તાવેજ હાલનાં વાદી દ્વ

ારા કરવામા આવેલ નથી કે વાદી દ્વારા કોઈ રકમ પણ મેળવવામા આવેલ નથી. હાલની દાવાવાળી મિલ્કત સંયુકત માલીકીની મિલકત છે. મુજબ રજુઆત કરી પ્રતીવાદીની હાલની હુકમ – ૭ નીયમ – ૧૧ ની અરજી ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

૫. બંને તરફે રજુઆત તથા સી. પી. સી. હુકમ – ૭, નીયમ – ૧૧ ની જોગવાઈ ધ્યાને લેતા નીચેના પ્રસંગોએ દાવા અરજી નામંજુર કરવી જોઈએ.

(એ) તેમા દાવાનું કારણ જણાવવામાં આવ્યુ ન હોય.

(બી) માંગેલી દાદની કિંમત ઓછી આંકી હોય પણ ઓછા સ્ટેમ્પ કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં જોઈતા સ્ટેમ્પવાળો કાગળ રજુ કરવાનું કહયા છતા વાદી તેમ ન કરે.

(સી) માંગેલી દાદની કિંમત બરાબર આંકી હોય પણ ઓછા સ્ટેમ્પ મારેલા કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં સ્ટેમ્પવાળો કાગળ રજુ કરવાનું કહયા છતાં વાદી તેમ ન કરે.

(ડી) દાવા અરજીમાં લખેલ મજકુર ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાને બાધ આવે છે.

(ઈ) બે નકલ ફાઈલ ન કરી હોય ત્યારે

હાલનાં કામે પ્રતીવાદી દ્વારા રજુ રાખવામા આવેલ અરજી લગત લીમીટેશન એકટની કલમ – ૧૨ વંચાણે લેતા હાલનો દાવો સમય મર્યાદાની બહાર દાખલ થયેલ હોવાનુ માની શકાય નહી. વધુમાં <u>પ્રતીવાદી તરફે પોતાની દલિલ સાથે રજુ રાખેલ નીચે મુજબનાં જજમેન્ટ વંચાણે લેતા,</u>

(1) 2019 LawSuit (Guj.) 656 વાળુ જજમેન્ટ સી. પી. સી. હુકમ – ૪૩ને લગતુ હોઈ હાલની અરજીનાં કામે લાગુ પાડી શકાય નહી.

(2) 2012 LawSuit (Guj.) 633 તથા 1999 LawSuit (Guj.) 289 વાળુ જજમેન્ટ ધ્યાને લીધુ પરંતુ વાદીનો હાલનો દાવો લીમીટેશન એકટની કલમ – ૧૨ મુજબ સમય મર્યાદાની બહાર દાખલ થયેલ હોવાનુ માની શકાય નહી. તેથી હાલની અરજીનાં કામે લાગુ પાડી શકાય નહી.

(3) 2007 LawSuit (Guj.) 441 વાળુ જજમેન્ટ રેસ જયુડીકેટાને લગતુ હોઈ હાલની અરજીનાં કામે લાગુ પાડી શકાય નહી.

(4) 1983 LawSuit (Guj.) 81 વાળુ જજમેન્ટ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટને લગતુ હોઈ હાલની અરજીનાં કામે લાગુ પાડી શકાય નહી.

આમ બંને પક્ષે રજુ પુરાવા તથા રજુઆત ધ્યાને લેતા હુકમ – ૭, રુલ – ૧૧ લગત જે કાયદાથી દાવો ચલાવવાને જે બાધ આવે છે તે બાધ પ્રતીવાદી પુરવાર કરી શકેલ ન હોઈ નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

## આખરી હુકમ

૧. પ્રતિવાદીની હાલની આંક – ૨૧ ની સી. પી. સી. ઓ. – ૭, રૂલ – ૧૧ મુજબની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

હુકમ આજરોજ તારીખ – ૧૯, માહે – ઓકટોબર, સને – ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

DATE : 19/10/2022
VANTHALI

(ASIF MOHHEMMADHABIB MEMON)
(GJ01251)
ADDITIONAL CIVIL JUDGE
VANTHALI